### વિદેશી પ્રવાસીઓ સામે વડોદરાની છબી ખરડાઈ, પાલિકા તંત્રની ઘોર બેદરકારી સામે જનતામાં ભારે રોષ

# રેલવે સ્ટેશનના પ્રવેશદ્વાર પર જ ગંદકી

**રેલવે સ્ટેશન કે નરકાગાર? : મુખ્ય માર્ગો પર દુર્ગંધ મારતા પાણી ફરી વળતા હજારો મુસાફરો અને રિક્ષાચાલકો ત્રાહિમામ**

( પ્રતિનિધિ ), વડોદરા. તા.11 વડોદરા શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમાન રેલવે સ્ટેશનની બહાર જ વહીવટી તંત્રની ઘોર બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા છે. વડોદરા રેલવે સ્ટેશનની બહાર મુખ્ય માર્ગ પર ગટરના ગંદા અને દુર્ગંધ મારતા પાણી ચારેતરફ ફરી વળ્યા છે, જેના કારણે સ્થાનિક નાગરિકો સહિત હજારો મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ પરિસ્થિતિને લીધે સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ ગઈ છે અને રોગચાળો ફાટી નીકળવાની દહેશત પણ સેવાઈ રહી છે. વડોદરા રેલવે સ્ટેશન એક એવું વ્યસ્ત કેન્દ્ર છે જ્યાં માત્ર સ્થાનિક લોકો જ નહીં, પરંતુ અન્ય શહેરો અને રાજ્યોમાંથી પણ રોજ હજારોની સંખ્યામાં મુસાફરોની અવરજવર રહે છે. બહારથી આવતા મુસાફરો જ્યારે વડોદરામાં પગ મૂકે છે ત્યારે જ તેમને રેલવે સ્ટેશનની બહાર ગટરના ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે, જે સ્માર્ટ સિટી વડોદરાની છબીને ખરડી રહ્યું છે. રસ્તા પર ગોઠણસમા ગંદા પાણી ભરાઈ જવાને કારણે રાહદારીઓ માટે ત્યાંથી ચાલવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. આ ઉપરાંત, ત્યાં સતત ઉભા રહેતા રિક્ષા ચાલકો અને ફેરીવાળાઓ પણ આ અસહ્ય દુર્ગંધ અને ગંદકીના કારણે ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ગંદા પાણીમાંથી વાહનો પસાર થવાને લીધે રાહદારીઓ પર ગંદા પાણીના છાંટા ઉડવાના બનાવો પણ બની રહ્યા છે, જેનાથી લોકોમાં વહીવટી તંત્ર પ્રત્યે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકો અને મુસાફરો સવાલ ઉઠાવી રહ્યા છે કે શહેરના આટલા મુખ્ય અને સંવેદનશીલ માર્ગ પર ઉભરાતી ગટર વહીવટી તંત્રની નજરે કેમ નથી ચડતી? તંત્ર દ્વારા આ બાબતે કોઈ કાયમી નિકાલ કે પ્રી-મોન્સૂન કામગીરી કેમ કરવામાં નથી આવી રહી તેવા અનેક પ્રશ્નો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. સ્ટેશન જેવા ભરચક વિસ્તારમાં સ્વચ્છતાના મોટા-મોટા દાવાઓ વચ્ચે આ પ્રકારની પરિસ્થિતિ પાલિકાની



કામગીરી સામે મોટા સવાલો ઉભા કરે છે. જનતાની માંગ છે કે તંત્ર જાગે અને આ ગંભીર સમસ્યાનું વહેલી તકે કાયમી નિવારણ લાવે જેથી મુસાફરોને હાલાકીમાંથી મુક્તિ મળે.

### ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પહોંચી આગ પર કાબૂ મેળવ્યો

# જાંબુઆ બાયપાસ પાસે પ્લાયવુડના ગોડાઉન નજીક કચરાના ઢગમાં આગ

( પ્રતિનિધિ ), વડોદરા. તા.11 વડોદરા શહેરના જાંબુઆ બાયપાસ રોડ પર આવેલી એક ખુલ્લી ગૌચરની જગ્યામાં ગતરોજ અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ આગ પ્લાયવુડના એક મોટા ગોડાઉનની બિલકુલ નજીકમાં લાગેલી હોવાથી મોટી હોનારત સર્જાવાની ભીતિ ઊભી થઈ હતી. જોકે, ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે સમયસૂચકતા વાપરી ગણતરીના સમયમાં આગ પર કાબૂ મેળવી લેતાં તંત્ર અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જાંબુઆ બાયપાસ પાસે પ્લાયવુડના ગોડાઉનની બાજુમાં આવેલી ખુલ્લી કોચરની જગ્યામાં મોટા પ્રમાણમાં કચરો પડ્યો હતો. આ કચરાના ઢગલામાં કોઈ અગમ્ય કારણોસર



અચાનક આગ લાગી હતી. સૂકો કચરો હોવાને કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા ઉડતા દેખાયા હતા. આગ એટલી ભયાનક હતી કે બાજુમાં આવેલા પ્લાયવુડના ગોડાઉન સુધી લપેટો પહોંચવાની પૂરેપૂરી શક્યતા હતી, જેને પગલે આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. આગની ઘટના અંગે કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતાં ફાયર ફાઈટરોની ટીમ તમામ સાધનો સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગને આગળ વધતી અટકાવી હતી અને ટૂંક સમયમાં જ તેના પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. સદ્નસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ ફાયર ઓફિસર નિકુંજ આઝાદ પણ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે ઘટનાસ્થળની મુલાકાત લઈ સમગ્ર પરિસ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરી હતી અને ફાયર જવાનોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ ખુલ્લી જગ્યામાં પડેલા કચરામાં આગ કયા કારણોસર લાગી શોર્ટ સર્કિટ, સળગતી બીડી-સિગારેટ કે અન્ય કોઈ કારણ તે અંગે ફાયર વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

### વાઘેશ્વરી નાકા પાસે વૃદ્ધ ભરબપોરે લૂંટાયા

# કારેલીબાગમા સોનાની ચેઈન ઝૂંટવી મહિલા સહિત બે ફરાર

**રૂટ પર** લગાવેલા CCTV ફૂટેજના આધારે કારેલીબાગ પોલીસે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.11 વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં વાઘેશ્વરી નાકા નજીક રિક્ષામાંથી ઉતરેલા વૃદ્ધના ગળામાંથી મહિલા અને તેના સાગરિતે રૂ.1.05 લાખ કિંમતની સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. વૃદ્ધા ગભરાઈ ગયા હતા. ત્યારબાદ તેઓએ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના સોમા તળાવ વિસ્તારમાં રહેતા છગનભાઈ પરષોત્તમભાઈ વણકરે કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલી ફરિયાદ અનુસાર 10 જૂનના રોજ બપોરે આશરે 3:45 વાગ્યે તેઓ વીઆઈપી રોડ પર વાઘેશ્વરી નાકા પાસે રિક્ષામાંથી નીચે ઉતર્યા હતા. તે દરમિયાન એક મહિલા અને અજાણ્યા પુરુષે તેમની સાથે વાતચીતનો બહાને આવ્યા હતા. ત્યારબાદ તેઓએ મહિલાએ ગળામાં પહેરેલી 10.500 ગ્રામ વજનની સોનાની પેન્ડલવાળી ચેઈન ઝૂંટવી લીધી હતી. આરોપીઓ બાદમાં અન્ય એક મોટરસાયકલ ચાલકની પાછળ બેસી ફરાર થઈ ગયા હતા. ચોરી થયેલી ચેઈનની અંદાજિત કિંમત રૂ.1,05,000 હોવાનું તેમણે જણાવ્યું છે. કારેલીબાગ પોલીસે વિસ્તારમાં લગાવેલા સીસીટી ફૂટેજ ના આધારે બાઈક સવાર ગઠિયાઓની શોધખોળ શરૂ કરી છે.

ઉલ્લેખનિય છ કે, કારેલીબાગ જેવા વિસ્તારમાં અછોડાતોડો સક્રિય થયા તે પોલીસ માટે ચિંતાનો વિષય બની ગયો છે.

# વડોદરાથી મુંબઈ જતી ટ્રેનમાં પેન્ટ્રી સ્ટાફે મુસાફરને ફટકાર્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.11 વડોદરા રેલ્વે સ્ટેશનથી રાત્રે પસાર થતી ટ્રેનોમાં મુસાફરોની સુરક્ષા રામભરોસે હોય તેમ વધુ એક હિંસક ઘટના સામે આવી છે. ગત રાત્રે વડોદરાથી મુંબઈ તરફ જઈ રહેલી એક ટ્રેનમાં પેન્ટ્રીના કામદારોએ આતંક મચાવી એક મુસાફર પર લોખંડના સળિયા વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા મુસાફરને સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો છે. મૂળ મુંબઈના ઉલાસનગરમાં રહેતા નિખિલ દિનેશભાઈ મહિષા ગત રાત્રે આશરે ૧૨ વાગ્યાની આસપાસ વડોદરા રેલ્વે સ્ટેશનથી મુંબઈ જવા માટે ટ્રેનમાં સવાર થયા હતા. ત્યારે અગમ્ય કારણોસર નિખિલભાઈને ટ્રેનના ડબ્બામાં જ પેન્ટ્રીના કામદારો સાથે ઉગ્ર બોલાચાલી અને સામાન્ય ઝઘડો થયો હતો. ટ્રેનના પેન્ટ્રીમાં કામ કરતા ત્રણ લોકોએ ભેગા થઈને નિખિલભાઈને લોખંડના સળિયા વડે માર માર્યો હતો.

### સયાજી હોસ્પિટલના ICUમાં સેન્ટ્રલાઈઝડ AC ઠપ, 'ગુજરાતમિત્ર'ના અહેવાલ બાદ તંત્ર જાગ્યું

# સયાજી હોસ્પિટલના 'સરકાર સાહેબ' જાતે મેદાનમાં, પાંચ એસી લગાવાયા

**કલેક્ટરે ઉધડો** લેતા રંજન ઐયર ફફડ્યાની ચર્ચા : કડક આદેશો કરાયા, હજુ છ AC બંધ

(પ્રતિનિધિ), વડોદરા. તા.11 સયાજી હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં એસી બંધ હોવાની સ્થિતિને 'ગુજરાતમિત્ર' અખબારે વાચા આપી હતી. આ અહેવાલના પગલે સત્તાધીશોને દોડતા થવાની ફરજ પડી હતી. દર્દીઓ ગરમીમાં શેકાઈ રહ્યા હોવાની બૂમો ઉઠતાં જ તંત્રએ વચગાળાનો રસ્તો કાઢ્યો છે. જાહેર ભવ્ય કાર્યક્રમોમાં વપરાતા હોય તેવા ૫ મોટા આઉટર એસી યુનિટ લાવીને તાત્કાલિક ધોરણે આઈસીયુ અને એમઆઈસીયુ વોર્ડમાં લગાવી દેવામાં આવ્યા છે, જેના કારણે ગંભીર દર્દીઓને



ગરમીથી થોડી રાહત ચોક્કસ મળી છે. વૈકલ્પિક વ્યવસ્થા વચ્ચે પણ તંત્રની અધૂરી કામગીરી છતી થઈ છે. હોસ્પિટલના તાત્કાલિક વિભાગના ટ્રોમા સેન્ટરમાં હજુ પણ ૬ જેટલા એસી બંધ હાલતમાં ધૂળ ખાઈ રહ્યા છે. આ અહેવાલ વાયરલ થતાં જ આજે સવારે હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. રંજન ઐયર સ્વયં તાત્કાલિક સારવાર બિલ્ડિંગની મુલાકાતે દોડી ગયા હતા. તેમણે બંધ એસી અને નવી વૈકલ્પિક વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. એસી કેમ બંધ પડ્યા છે અને ક્યારે રિપેર થશે તે અંગે તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ મેઈન્ટેનન્સની કામગીરી PIU વિભાગની છે અને તેઓને જ આ અંગે જરૂરી સવાલો પૂછવા જોઈએ. આ સમગ્ર મામલો વડોદરા જિલ્લા કલેક્ટરના દરબારમાં પહોંચતા જ તેઓ પણ દોડતા થયા હતા. કલેક્ટરે તાકીદે સંબંધિત સરકારી વિભાગો અને હોસ્પિટલ મેનેજમેન્ટ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. કલેક્ટરે દર્દીઓની સુવિધામાં કોઈપણ પ્રકારની આળસ સહન નહીં કરવામાં આવે તેવી કડક ચેતવણી આપીને, બંધ પડેલા તમામ એસી તાત્કાલિક ધોરણે રિપેર કરવા અથવા નવી કાયમી વ્યવસ્થા ઊભી કરવા કડક આદેશો આપ્યા હતા.

### પરિવારમાં ભારે અરેરાટી

# સંભોઈ ગામના યુવકે ઝેરી દવા ગટગટાવી લેતા મોત

**આશાસ્પદ** યુવકનું આત્મહત્યાનું કારણ હજુ સુધી અકબંધ રહ્યું છે

(પ્રતિનિધિ), વડોદરા. તા.11 કરજણ તાલુકાના સંભોઈ ગામે એક અત્યંત આઘાતજનક અને કરુણ ઘટના સામે આવી છે. ગામમાં રહેતા એક ૩૮ વર્ષીય આશાસ્પદ યુવકે કોઈ અગમ્ય કારણોસર ખેતીમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મૃતકના પરિવારમાં માતમ છવાઈ ગયો છે. કરજણ તાલુકાના સંભોઈ ગામે રહેતા ૩૮ વર્ષીય નરેન્દ્રસિંહ નરવતસિંહ પરમારે ગત ચોથી તારીખે રાત્રિના ૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ખેતીના પાકમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરી દવાની અસર થતાં જ યુવકની તબિયત લથડી હતી, જેથી પરિવારજનો તાત્કાલિક દોડી આવ્યા હતા. યુવકને ગંભીર હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને બચાવવા માટે પૂરતા પ્રયાસો કર્યા હતા, પરંતુ ઝેર શરીરના વધુ ભાગોમાં વ્યાપી ગયું હોવાથી સારવાર દરમિયાન જ તેમનું મોત નીપજ્યું હતું. આશાસ્પદ યુવકે કયા કારણોસર આ આત્મઘાતી અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. આ અંગે કરજણ પોલીસને જાણ કરાતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. યુવકના આપઘાત પાછળ કોઈ કૌટુંબિક કલેશ, આર્થિક સંકડામણ કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ, તે દિશામાં પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

### વડોદરા મહાનગર પાલિકાનું પાપ છાપરે ચઢીને પોકાર્યું

# વોર્ડ-૧૪ ની કચેરી સામે જ મસમોટો ભુવો, કાંસ ઉતાવળે પૂરાતા આક્રોશ

**કોન્ટ્રાક્ટરોની** દાદાગીરી, જનતા ત્રસ્ત નેતા મસ્ત!, નેતાઓ ફરી બાથરૂમમાં ડોલ પાણી ફેંકાવે તો નવાઇ નહીં



(પ્રતિનિધિ) વડોદરા તા.11 વોર્ડ નંબર ૧૪ ની મુખ્ય કચેરીની બિલકુલ સામે જ જે વિસ્તાર વોર્ડ નંબર ૭ માં આવે છે એક મસમોટો ભુવો પડ્યો છે. ચોમાસું નજીક હોવા છતાં, અહીં આવેલી વરસાદી કાંસની નીચેથી કોઈ જ પ્રકારની સાફ-સફાઈ કરવામાં આવી નથી. કચરો અને કાદવ સાફ કર્યા વિના જ તેની ઉપર ભુવો પૂરીને કામ પૂરું કરી દેવાની ઉતાવળ કરવામાં આવી રહી છે. સ્થાનિક રહીશોએ જ્યારે પહેલા સફાઈ કરીને કામ કરવાની રજૂઆત કરી, ત્યારે કોન્ટ્રાક્ટરે તેમની વાત સાંભળવાના બદલે ભારે દાદાગીરી કરી હતી અને અધિકારીઓનો ફોન નંબર આપવાનો પણ ઈનકાર કરી દીધો હતો. લોકોનો આક્ષેપ છે કે રાજ્ય મંત્રીઓની કડક સૂચનાઓ છતાં ધરાતલ પર કોઈ અમલ થતો નથી. પ્રી-મોન્સૂન કામગીરી માત્ર ચોપડે જ બતાવીને કોન્ટ્રાક્ટરોના ખિસ્સા ભરવામાં આવી રહ્યા છે અને કરોડોના બિલો પાસ કરાવવાની રમત ચાલી રહી છે. સુપરવિઝન માટે પાલિકાના કોઈ અધિકારીઓ પણ ડોકાતા નથી. સ્થાનિક વેપારીઓ અને વાહનચાલકો છેલ્લા કેટલાય સમયથી આ અધૂરા કામના કારણે હાલાકી ભોગવી રહ્યા છે. જો ચોમાસામાં સામાન્ય વરસાદ પણ પડશે, તો વરસાદી કાંસ ચોકઅપ હોવાના કારણે પાણી લોકોના ઘરોમાં ઘૂસી જશે તેવી ભયાવહ સ્થિતિ છે. રહીશોએ સ્થાનિક કોર્પોરેટરો સામે પણ ઉગ્ર રોષ ઠાલવતા જણાવ્યું કે, નેતાઓ ફરી બાથરૂમમાં ડોલ પાણી ફેંકાવે તો નવાઇ નહીંને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ જોવા આવતું નથી માટે જ અમારા વોર્ડમાં કોંગ્રેસની બે બેઠકો આવી છે.

### ડ્રાઈવર સહિત બેની ધરપકડ

# AC-LED કોને કોને કટીંગ કરી વેચ્યા તેની તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.11 વડોદરાના પદમલા ગામ ખાતે આવેલા વિજય સેલ્સના વેરહાઉસમાંથી અલગ-અલગ કંપનીના 30 AC અને 15 LED TV મળી કુલ રૂ.17.17 લાખની મત્તાની ચોરી અંગે છાણી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ગુનાની તપાસ માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. દરમિયાન સર્વેલન્સ સ્ટાફને માહિતી મળી હતી કે કેસનો આરોપી વાઘોડિયા ચોકડી તરફ જવાનો છે. માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ ચોરીની કબૂલાત કરતાં તેના કબજામાંથી ત્રણ AC પણ મળી આવ્યા હતા. પોલીસે દર્શનકુમાર કંચનભાઈ વસાવા પટેલ (ઉં.વ. 28) અને રાકેશભાઈ રમેશભાઈ વણઝારા (ઉં.વ. 29) ની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી રૂ.1.23 લાખના ત્રણ AC,





રૂ.1.50 લાખનો ટાટા ઈન્ટ્રા V-20 ટેમ્પો અને બે મોબાઈલ ફોન મળી કુલ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ ડિલિવરી માટે જતા ટેમ્પોમાં બિલ મુજબના માલ ઉપરાંત વધારાના AC- LED ભરી અન્યત્ર વેચી અંગત આર્થિક લાભ મેળવવાનો ઈરાદો ધરાવતા હતા. હાલ છાણી પોલીસ સમગ્ર કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં વધુ તપાસ કરી રહી છે. બંને આરોપીએ એસી અને કટિંગ કરીને કોને વેચ્યા છે તેની પણ તપાસ શરૂ કરાઈ છે.

### વાસણાની ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન બાદ તબિયત લથડતાં SSGમાં ખસેડાયા હતા

# વેડચની મહિલાનું કુટુંબ નિયોજનના ઓપરેશન બાદ કરૂણ મોત નીપજ્યું

**ખાનગી** હોસ્પિટલમાં ઓપરેશન દરમિયાન કોઈ ક્ષતિ રહી ગઈ હતી કે કેમ? રહસ્ય અકબંધ

(પ્રતિનિધિ), વડોદરા. તા.11 ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં આવેલા વેડચ ગામના એક આશાસ્પદ મહિલાનું કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવ્યા બાદ રહસ્યમય સંજોગોમાં તબિયત બગડતાં મોત નીપજ્યું હોવાની ગંભીર ઘટના સામે આવી છે. ઓપરેશન બાદ મહિલાની સ્થિતિ નાજુક થતાં તેમને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. આ બનાવને પગલે મૃતકના પરિવાર સહિત સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ભારે શોક વ્યાપ્યો હતો. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના વેડચ ગામે રહેતા ૩૩ વર્ષીય સંગીતાબેન જાદવ નામના મહિલાએ વડોદરા શહેરના વાસણા વિસ્તારમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવ્યું હતું. ઓપરેશન સફળ રહ્યું હોવાના પ્રાથમિક અંદાજ વચ્ચે અચાનક જ સંગીતાબેનની તબિયત અત્યંત નાજુક બની ગઈ હતી. ખાનગી હોસ્પિટલના તબીબો દ્વારા પ્રાથમિક સારવાર આપ્યા બાદ પણ સ્થિતિ કાબૂ બહાર જતાં, તેમને વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રિફર કરવાનો નિર્ણય લેવાયો હતો. સંગીતાબેનની સ્થિતિ વણસતાં તેમને ગત ૭મી તારીખે સાંજે ૬:૦૦ વાગ્યાની આસપાસ સયાજી હોસ્પિટલમાં ઈમરજન્સી સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને બચાવવાના પૂરતા પ્રયાસો કર્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું મોત થયું હતું. ઓપરેશન જેવા સામાન્ય ગણાતા પ્રોસિજર બાદ ૩૩ વર્ષના પરિણીતાના અકાળે મોતને પગલે પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા છે. ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન દરમિયાન કોઈ ક્ષતિ રહી ગઈ હતી કે કેમ, અથવા કયા કારણોસર તબિયત અચાનક બગડી તે દિશામાં રહસ્ય ઘેરાયું છે. આ મામલે હોસ્પિટલ સત્તાવાળાઓ અને તબીબોની પૂછપરછ બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે. હાલમાં સયાજી હોસ્પિટલના પોલીસ ચોકી સ્ટાફ દ્વારા આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

**ગેમ-ચેન્જર** વડોદરા સહિત રાજ્યભરના તમામ ૩૪ જિલ્લાના વિકાસ આંકડા ડિજિટલ મોનિટરિંગથી આયોજન બનશે વધુ સચોટ

# 'GISS' અને 'GSWIFT' પોર્ટલ પર થશે લાઈવ મોનિટરિંગ

**સરકારનો માસ્ટર પ્લાન**, દરેક જિલ્લાનું પોતાનું 'રિપોર્ટ કાર્ડ' જાહેર થશે : તાલુકા સ્તર સુધીના ડેટા પર રખાશે સીધી નજર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 ગુજરાત સરકારના પ્લાનિંગ મોડ્યુલ PLM-4 હેઠળ એક અત્યંત મહત્વકાંક્ષી અને દૂરગામી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. 'ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી' (GSIDS) દ્વારા વડોદરા સહિત રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓમાં સામાજિક અને આંતરમાળખાકીય સુવિધાઓના સર્વાંગી ઉત્થાન માટે આ વ્યાપક પ્રોજેક્ટની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ નવતર પ્રયોગનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે ડેટા એકત્રીકરણની પ્રક્રિયાને અભૂતપૂર્વ મજબૂતી આપવાનો તેમજ વૈશ્વિક સ્તરના ગ્લોબલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) એટલે કે ટકાઉ વિકાસના લક્ષ્યાંકોને જિલ્લા સ્તરે સફળતાપૂર્વક લાગુ કરવાનો છે. સંપૂર્ણપણે રાજ્ય સરકાર સંચાલિત આ પ્રોજેક્ટના માધ્યમથી હવે વડોદરા સહિત તમામ ૩૪ જિલ્લાઓ અને તેના તમામ તાલુકાઓનો વિગતવાર વિકાસાત્મક ડેટા આધુનિક પોર્ટલ પર લાઈવ ડિજિટલ મોનિટરિંગ હેઠળ લાવવામાં આવશે, જે વહીવટી તંત્ર માટે એક માઈલસ્ટોન સાબિત થશે. આ સમગ્ર માસ્ટર પ્લાનની સફળતા માટે સરકાર દ્વારા ટકાઉ વિકાસના લક્ષ્યાંકોનું લોકલાઈઝેશન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત વડોદરા અને અન્ય તમામ જિલ્લાઓ માટે વિશેષ રૂપે 'District SDG Report' (જિલ્લા ટકાઉ વિકાસ અહેવાલ) તૈયાર કરવામાં આવશે. આ રિપોર્ટના આધારે જે તે જિલ્લાની વાસ્તવિક અને જમીની પરિસ્થિતિ, ત્યાં ખૂટતી કડીઓ અને સ્થાનિક સ્તરની ચોક્કસ જરૂરિયાતોને ખૂબ જ ઊંડાણપૂર્વક સમજી શકાશે. આ સચોટ માહિતીના આધારે વહીવટી તંત્ર ભવિષ્યનું આયોજન અત્યંત સરળ, પારદર્શક અને લોકાભિમુખ બનાવી શકશે. આ વ્યવસ્થા માત્ર જિલ્લા કક્ષાએ જ મર્યાદિત નહીં રહે, પરંતુ તમામ તાલુકા સ્તર સુધીના ડેટા પર પણ ઝીણવટભરી નજર રાખવામાં આવશે. આ અંતર્ગત 'તાલુકા ડેવલપમેન્ટ પ્લાન' (TDP) હેઠળ તમામ આંકડાકીય અને વિકાસલક્ષી માહિતીઓ એકત્રિત કરવાની મહત્વપૂર્ણ અને જવાબદારીપૂર્વકની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે, જે ગ્રામીણ સ્તરના વિકાસને નવી ગતિ આપશે. અજય સરકારના આ ક્રાંતિકારી આયોજનમાં વધુ એક મહત્વનું પાસું 'ગુજરાત ઈન્ટીગ્રેટેડ સ્ટેટિસ્ટિકલ સિસ્ટમ' એટલે કે GISS પ્લેટફોર્મનું છે. આ પ્લેટફોર્મ સાથે તમામ ડેટાનું જોડાણ કરવામાં આવશે, જેમાં 'ડિસ્ટ્રિક્ટ ઈન્ડિકેટર ફ્રેમવર્ક'ની તમામ વિગતોને આ 'GISS' પોર્ટલ પર અપલોડ કરીને લાઈન ડિપાર્ટમેન્ટ્સ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પ્રક્રિયાથી વડોદરા સહિત સમગ્ર રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓની મહત્વની વિગતો અને આંકડા હવે એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત, ગ્લોબલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઈન્ડિકેટર્સનું સતત મોનિટરિંગ પણ કરવામાં આવશે. 'Gswift' પોર્ટલ ઉપર મેપ કરાયેલી વિવિધ સરકારી યોજનાઓમાં ટકાઉ વિકાસના લક્ષ્યાંકોનું યોગ્ય, સચોટ અને સમયબદ્ધ મોનિટરિંગ સુનિશ્ચિત કરવામાં આવશે, જે ભવિષ્યના ગુજરાતના વિકાસ માટે એક ગેમ-ચેન્જર સાબિત થવા જઈ રહ્યું છે.

**માસ્ટર પ્લાનનો આધાર સ્તંભ: ૪ મુખ્ય પિલર્સ**

રાજ્યના સર્વાંગી વિકાસ માટે આ માસ્ટર પ્લાન ૪ મુખ્ય પિલર્સ પર આધારિત છે. જેમાં પ્રથમ પિલર હેઠળ, 'તાલુકા ડેવલપમેન્ટ પ્લાન' (TDP) દ્વારા તળિયા સ્તરની વિગતો એકત્રિત કરી વહીવટી માળખાને મજબૂત કરાશે. બીજા પિલર દ્વારા, અલગ-અલગ વિભાગોના વેરવિખેર ડેટાને 'ડિસ્ટ્રિક્ટ ઇન્ડિકેટર ફ્રેમવર્ક' હેઠળ લાવી 'GSIDS' પોર્ટલ પર કેન્દ્રીયકૃત કરાશે. ત્રીજા પિલરમાં, સરકારી યોજનાઓ માત્ર કાગળ પર ન રહે તે માટે 'Gswift' પોર્ટલ પર તેનું ડિજિટલ મેપિંગ અને ટકાઉ લક્ષ્યાંકોનું કડક ઓબ્ઝર્વેશન થશે. જ્યારે ચોથા પિલર હેઠળ, વડોદરા સહિત દરેક જિલ્લાનું પોતાનું 'District SDG Report Card' તૈયાર કરાશે, જેથી વાસ્તવિક પરિસ્થિતિ જાણી ભવિષ્યનું સચોટ પ્લાનિંગ થઈ શકે.

### કોમર્સ ફેકલ્ટીના ડીને વિદ્યાર્થીઓની રજૂઆત

# કોમર્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા ATKTના વિદ્યાર્થીઓને વધુ એક તક આપો : NSUI

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા ત્રીજા વર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષની ATKT દૂર કરવા માટે વિશેષ પરીક્ષા યોજવાની માંગ સાથે આજે NSUI વિદ્યાર્થી સંગઠન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, કોમર્સ ફેકલ્ટીના ઘણા વિદ્યાર્થીઓએ બીજું વર્ષ પૂર્ણ કરી લીધું હોવા છતાં પ્રથમ વર્ષના એક કે બે વિષયોમાં ATKT બાકી હોવાથી તેઓ યુનિવર્સિટીના નિયમો મુજબ ત્રીજા વર્ષમાં પ્રવેશ મેળવી શકતા નથી. જેના કારણે અનેક વિદ્યાર્થીઓનું એક શૈક્ષણિક વર્ષ બગડવાની શક્યતા ઉભી થઈ છે. આ મુદ્દે NSUIના પ્રતિનિધિઓએ કોમર્સ ફેકલ્ટીના ડીનને આવેદનપત્ર આપી માંગ કરી હતી કે આવા વિદ્યાર્થીઓ



માટે ત્વરિત પરીક્ષા યોજી ATKT દૂર કરવાની વધુ એક તક આપવામાં આવે, જેથી વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે અને તેઓ સરળતાથી ત્રીજા વર્ષમાં પ્રવેશ મેળવી શકે. રજૂઆત દરમિયાન વિદ્યાર્થી આગેવાન અમર વાઘેલાએ જણાવ્યું હતું કે એક અથવા બે વિષયમાં બાકી રહેલી ATKTના કારણે સમગ્ર વર્ષ અટકી જવું વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. તેથી યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓના હિતમાં સકારાત્મક નિર્ણય લેવો જોઈએ. આ અંગે કોમર્સ ફેકલ્ટીના ડીને વિદ્યાર્થીઓની રજૂઆતને યોગ્ય ગણાવી યુનિવર્સિટી તંત્ર સમક્ષ મુદ્દો રજૂ કરવાની ખાતરી આપી હતી. સાથે જ વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે જરૂરી ચર્ચા કરાશે તેવી બાંહેધરી આપી હતી. વિદ્યાર્થીઓ હવે તંત્રના નિર્ણયની રાહ જોઈ રહ્યા છે, જેથી ATKT ધરાવતા વિદ્યાર્થીઓને રાહત મળી શકે અને તેમનું શૈક્ષણિક વર્ષ બચી શકે.